ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન ડે માટે વડોદરામાં ટીમ ઇન્ડિયાનું નેટ સેશન

» ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચની વન ડે સીરિઝની પહેલી મેચ 11 જાન્યુઆરીએ વડોદરાના BCA સ્ટેડિયમ ખાતે રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ સીરિઝ પહેલા ભારતીય ખેલાડીઓના પ્રથમ પ્રેક્ટિસ સત્રમાં ભાગ લેતા ફોટો X પર પોસ્ટ કરતા, કેપ્શન આપી હતી કે 'નવું વર્ષ, નવી શરૂઆત'. બીસીસીઆઈ દ્વારા પોસ્ટ કરાયેલી તસવીરોમાં કેપ્ટન શુભમન ગિલ, વિરાટ કોહલી, વોશિંગ્ટન સુંદર, કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ સહિતના ભારતીય ખેલાડીઓ નેટ્સમાં સખત પ્રેક્ટિસ કરતા જોવા મળે છે. આ પ્રેક્ટિસ સેશનમાંથી રોહિત શર્મા, રવિન્દ્ર જાડેજા અને ઋષભ પંત ગેરહાજર હતા. પંત અને જાડેજા બંનેએ અનુક્રમે દિલ્હી અને સૌરાષ્ટ્ર માટે વિજય હજારે ટ્રોફીમાં ભાગ લીધો હતો. જ્યારે રોહિત હજુ વડોદરા પહોંચ્યો નહોતો.

મલેશિયા ઓપન : સિંધુ સેમીમાં, સાત્વિક-ચિરાગ આઉટ

યામાગુચીના ઇજાને કારણે ખસતા સિંધુ સેમી ફાઇનલમાં પ્રવેશી, સાત્વિક-ચિરાગ ક્વાર્ટરમાં હાર્યા

કુઆલાલંપુર, તા. 09 (પીટીઆઈ) : મલેશિયા ઓપન સુપર 1000 બેડમિન્ટન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાંથી આજે શુક્રવારે જાપાનની અકાને યામાગુચી ઈજાને કારણે ચાલુ મેચે ખસી જતાં બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પીવી સિંધુએ સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની પુરુષ ડબલ્સ જોડી ક્વાર્ટર ફાઈનલમાં હારી ગઈ.

આ મેચમાં સિંધુએ પહેલી ગેમ 21-11થી જીતી લીધી, ત્યારબાદ ઘૂંટણમાં બ્રેસ પહેરીને મેચ રમી રહેલી ત્રણ વખતની વિશ્વ ચેમ્પિયન અને ત્રીજા ક્રમાંકિત યામાગુચીએ મેચમાંથી નિવૃત્તિ લીધી હતી. જેને પગલે વિશ્વમાં 18મી ક્રમાંકિત સિંધુનો યામાગુચી સામે જીત-હારનો રેકોર્ડ 15-12 થયો હતો. ઈજાને કારણે લાંબા સમય સુધી બહાર રહ્યા બાદ સિંધુ પોતાની પહેલી ટુર્નામેન્ટ રમી રહી છે. હવે સેમી ફાઈનલમાં, તેનો સામનો બીજા ક્રમાંકિત ચીનની વાંગ ઝીયી અને છઠ્ઠા ક્રમાંકિત ઈન્ડોનેશિયાની પુત્રી કુસુમા વરદાની વચ્ચેના ક્વાર્ટર ફાઈનલના વિજેતા સાથે થશે. દરમિયાન, બે વખતના વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડલ વિજેતા સાત્વિક અને ચિરાગનો પુરુષ ડબલ્સમાં નીચલા ક્રમાંકિત ઈન્ડોનેશિયન જોડી ફજર અલ્ફેન અને મુહમ્મદ ફિક્રી સામે 10-21, 21-23થી પરાજય થયો.

બાબર આઝમને એલિસ પેરીએ પ્રપોઝ કર્યુંના બોગસ સમાચાર વાયરલ બન્યા

બાબરના ચાહકો દ્વારા AI જનરેટેડ તસવીરમાં પેરી મેદાન પર જ બાબરને પ્રપોઝ કરતી દર્શાવાઇ

સિડની, તા. 09 : પાકિસ્તાન ક્રિકેટ ટીમના બેટ્સમેન બાબર આઝમ હમણાંથી આઉટ ઓફ ફોર્મ છે પણ તેના ચાહકો તેને પોરસ ચઢાવવા માટે કોઇપણ હદે જવા તૈયાર છે. હાલમાં સોશિયલ મીડિયા પર તેની એવી તસવીરો વાયરલ થઈ રહી છે, જેમાં ઓસ્ટ્રેલિયાની સ્ટાર ઓલરાઉન્ડર એલિસ પેરી તેને મેદાન પર જ પ્રપોઝ કરતી હોય તેવું દર્શાવાયું છે.

ચાહકોએ ત્યાં ફોટાની સાથે લખ્યું કે ઓસ્ટ્રેલિયાની સ્ટાર ક્રિકેટર એલિસ પેરીએ તેને મેદાન પર પ્રપોઝ કર્યું અને તેણે પેરીનો પ્રપોઝલ સ્વીકારી લીધો છે, જેનાથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. જો કે આ તસવીર એઆઇ જનરેટેડ છે અને બાબરના ચાહકો દ્વારા ફેલાવવામાં આવેલી એક અફવા માત્ર છે. આ તસવીર AI દ્વારા જનરેટ કરવામાં આવી છે. પેરી હાલમાં ન્યુઝીલેન્ડમાં છે અને મહિલા સુપર સ્મેશ 2025-26 માં ભાગ લઈ રહી છે જ્યારે બાબર ઓસ્ટ્રેલિયામાં બીબીએલમાં સિડની સિક્સર્સ વતી રમી રહ્યો છે. એ ઉલ્લેખનીય છે કે પેરી પણ મહિલા બીબીએલમાં સિડની સિક્સર્સ વતી જ રમે છે.

તમીમે અરીસો બતાવતા BCB અધિકારીએ તેને ભારતનો એજન્ટ ગણાવ્યો

તમીમ ઇકબાલે ટી-20 વર્લ્ડકપમાં ભાગીદારીનો નિર્ણય લાગણીઓને આધારે નહીં વિચાપૂર્વક લેવાનું કહ્યું

BCB અધિકારીએ તમીમને 'ભારતીય એજન્ટ' કહેતા તસ્કીન, મોમિનુલ સહિતના બાંગ્લાદેશી ખેલાડીઓ નારાજ

ઢાકા, તા. 09 : બાંગ્લાદેશના શ્રેષ્ઠ ઓપનિંગ બેટ્સમેનોમાંના એક તમીમ ઇકબાલે તાજેતરમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) ને સલાહ આપી હતી કે ભારતમાં યોજાનાર ટી-20 વર્લ્ડકપમાં રાષ્ટ્રીય ટીમની ભાગીદારી અંગેનો કોઈપણ નિર્ણય ભાવનાઓના આધારે નહીં, પણ વિચારપૂર્વક લેવો જોઈએ. આ સંબંધે બીસીબીના એક વરિષ્ઠ અધિકારી દ્વારા માજી કેપ્ટન તમિમને 'ભારતીય એજન્ટ' કહેવા પર દેશના ખેલાડીઓએ તીવ્ર પ્રતિક્રિયા આપી છે.

બીસીબી ફાઇનાન્સ કમિટીના ચેરમેન નઝમુલે ફેસબુક પોસ્ટમાં ડાબોડી બેટ્સમેનને 'ભારતીય એજન્ટ' ગણાવીને કહ્યું કે આ વખતે બાંગ્લાદેશના લોકો પોતાની આંખોથી એક ભારતીય એજન્ટને ઉભરતા જોઈ રહ્યા છે. આ પોસ્ટ પર વર્તમાન અને ભૂતપૂર્વ ક્રિકેટરો તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી, જેમાં તસ્કિન અહેમદ, મોમિનુલ હક અને તૈજુલ ઇસ્લામ સહિત ઘણા ખેલાડીઓએ તેની ટીકા કરી. બાંગ્લાદેશ ક્રિકેટર્સ વેલ્ફેર એસોસિએશ (સીડબલ્યુએબી) ને પણ નઝમુલની ટિપ્પણી પર ગુસ્સો વ્યક્ત કર્યો. અમને ભૂતપૂર્વ રાષ્ટ્રીય કેપ્ટન તમિમ ઇકબાલ અંગે બીસીબીના ડિરેક્ટર એમ નઝમુલ ઇસ્લામે કરેલી ટિપ્પણી ધ્યાનમાં આવી છે. અમે આનાથી આઘાત પામ્યા છીએ, દુઃખી છીએ અને ખૂબ ગુસ્સે છીએ.

તેમણે કહ્યું કે તમીમે 16 વર્ષ સુધી દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે અને તે દેશના ઇતિહાસમાં સૌથી સફળ ઓપનિંગ બેટ્સમેન છે. બોર્ડના અધિકારી દ્વારા તેમના વિશે આવી ટિપ્પણીઓ સંપૂર્ણપણે નિંદનીય છે. આ ફક્ત તમીમ વિશે નથી; કોઈપણ બાંગ્લાદેશી ક્રિકેટર વિશે આવી ટિપ્પણીઓ અસ્વીકાર્ય છે અને સમગ્ર ક્રિકેટ સમુદાયનું અપમાન છે.

સીડબલ્યુએબીએ જણાવ્યું હતું કે અમે આ ટિપ્પણીની સખત નિંદા કરીએ છીએ. જ્યારે કોઈ જવાબદાર બોર્ડ ડિરેક્ટર જાહેર પ્લેટફોર્મ પર આવા નિવેદનો આપે છે, ત્યારે તે બોર્ડ અધિકારીઓની આચારસંહિતા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. અમે બીસીબી પ્રમુખને એક વિરોધ પત્ર સુપરત કર્યો છે, જેમાં સંબંધિત ડિરેક્ટર પાસેથી જાહેર માફી માગવાની માગ કરવામાં આવી છે.

ભારતીય કંપનીનો બાંગ્લાદેશી ખેલાડીઓ સાથે કરાર રિન્યુ ન કરવાનો નિર્ણય

ભારતીય બેટ ઉત્પાદક કંપની દ્વારા લિટન દાસ, યાસિર રબ્બી અને મોમિનુલ હક સહિતના ઘણાં ખેલાડીઓ સાથે કરાર છે

નવી દિલ્હી, તા. 09 : મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલમાંથી બહાર કઢાયા પછી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) દ્વારા ભારત સાથે કરવામાં આવેલો વ્યવહારને કારણે બંને દેશ વચ્ચેના તણાવપૂર્ણ ક્રિકેટ સંબંધોની અસર હવે મેદાનની બહાર બાંગ્લાદેશી ખેલાડીઓ પર થવા માંડી છે અને ભારતીય બેટ ઉત્પાદક કંપની એસજી દ્વારા બાંગ્લાદેશી ખેલાડીઓ સાથેનો કરાર આગળ ન વધારવાનો નિર્ણય લેવાયો છે. એસજી હાલમાં કેપ્ટન લિટન દાસ, યાસિર રબ્બી અને મોમિનુલ હક સહિત ઘણા ખેલાડીઓને સ્પોન્સર કરે છે.

જોકે કંપનીએ ખેલાડીઓને આ અંગે સત્તાવાર રીતે જાણ કરી નથી, પરંતુ ખેલાડીઓના એજન્ટે આ અંગે સંકેત આપ્યો છે. એસજી દ્વારા લેવાયેલા નિર્ણય પછી અન્ય ઉત્પાદકો પણ તેને અનુસરે તો તેની અસર અન્ય ક્ષેત્રોમાં પણ જોવા મળી શકે છે. જો બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પોતાનું હઠીલું વલણ ચાલુ રાખે છે, તો તેને ઘણા ક્ષેત્રોમાં નુકસાન થશે. ભારતીય બેટ બનાવતી કંપની બાંગ્લાદેશી ખેલાડીઓને વાર્ષિક આશરે રૂ. 50 લાખથી 1.50 કરોડ ચૂકવે છે.

WPL : મુંબઈ ઈન્ડિયન્સે RCB સામે મૂક્યો 155 રનનો લક્ષ્યાંક

4 વિકેટે 67 રન પર મુશ્કેલીમાં મુકાયેલી મુંબઇ ઇન્ડિયન્સને સંજના અને નિકોલાએ જોરદાર ભાગીદારીથી ઉગાર્યું

નવી મુંબઈ, તા. 09 (પીટીઆઈ) : મહિલા પ્રીમિયર લીગ (WPL) સીઝનની આજે રમાયેલી પહેલી મેચમાં સજીવન સંજના અને નિકોલા કેરી વચ્ચે પાંચમી વિકેટ માટે 49 બોલમાં 82 રનની ધમાકેદાર ભાગીદારીના આધારે, મુંબઈ ઈન્ડિયન્સે છ વિકેટે 154 રન બનાવીને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે 155 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

આરસીબીએ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા પછી પહેલા બેટિંગ કરવા ઉતરેલા મુંબઇ ઇન્ડિયન્સનો સ્કોર 11મી ઓવરમાં 4 વિકેટે 67 રન થઈ ગયો હતો. તે પછી સજનાએ 25 બોલમાં 45 રન બનાવ્યા, જ્યારે કેરીએ 29 બોલમાં 40 રન બનાવ્યા. આ બંનેએ કરેલી જોરદાર ભાગીદારીથી મુંબઇ ઇન્ડિયન્સ 154 રન સુધી પહોંચ્યું હતું. ટીમ માટે જી. કમાલિનીએ પણ 32 રન બનાવ્યા. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી નાદીન ડી ક્લાર્કે 26 રન આપીને ચાર વિકેટ લીધી. જ્યારે લોરેન બેલ અને શ્રેયંકા પાટિલને એક-એક વિકેટ મળી હતી. WPL 2026 ની શરૂઆત લોરેન બેલની મેડન ઓવર (રન વગરની ઓવર) થી થઈ હતી

WPL : યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ આજે અભિયાન આરંભશે

બપોરે 3.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટારસ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર

નવી મુંબઈ, તા. 09 : યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ આવતીકાલે શનિવારથી અહીં ગયા સિઝનમાં વિરોધાભાસી પ્રદર્શન બાદ તેમના પ્રથમ ટાઇટલની શોધમાં તેમના મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ) અભિયાનની શરૂઆત કરશે.

દિલ્હી કેપિટલ્સને સતત ત્રણ ફાઈનલમાં પહોંચાડનાર નવી કેપ્ટન મેગ લેનિંગ પર યુપી વોરિયર્સ ખૂબ આધાર રાખશે. ટીમ પાછલી ત્રણ સિઝનમાં ત્રીજા, ચોથા અને પછી ટેબલમાં સૌથી નીચે રહી હતી. ગયા વર્ષે કેપ્ટન એલિસા હીલીની ગેરહાજરીમાં સંતુલન અને સુસંગતતા માટે સંઘર્ષ કરતી ટીમમાં ઓસ્ટ્રેલિયન અનુભવી ખેલાડીના આગમનથી સ્પષ્ટતા આવવાની અપેક્ષા છે. જોકે, વોરિયર્સની ટીમ કોમ્બિનેશન પર પ્રશ્નો હજુ પણ છે, ખાસ કરીને વિકેટકીપિંગ વિભાગમાં, જેમાં શિપ્રા ગિરી એકમાત્ર નિષ્ણાત વિકલ્પ છે.

ટોચ પર ફ્લેક્સિબિલીટી પૂરી પાડતી ફોબી લિચફિલ્ડ કિરણ નવગિરે સાથે ભાગીદારી કરે તેવી શક્યતા છે. સ્પર્ધાત્મક સ્કોર બનાવવા માટે લેનિંગ અને હરલીન દેઓલ ધરાવતો મધ્યમ ક્રમ મહત્વપૂર્ણ રહેશે. સોફી એક્લેસ્ટોન, દીપ્તિ શર્મા અને અનુભવી શિખા પાંડે અને ક્રાંતિ ગૌડ જેવા ખેલાડીઓ સાથે, વોરિયર્સ પાસે એક શક્તિશાળી બોલિંગ આક્રમણ છે જે વિશ્વ કક્ષાના સ્પિન, નવા બોલનો અનુભવ અને ડેથ ઓવરોમાં કુશળતાને જોડે છે.

બીજી તરફ, ગુજરાત જાયન્ટ્સ બે નિરાશાજનક સિઝન પછી છેલ્લી વખત પ્લેઓફમાં પહોંચી હતી અને તેમનું મનોબળ ઊંચું છે. એશ્લે ગાર્ડનરની આગેવાની હેઠળની જાયન્ટ્સ ટીમમાં વિદેશી ખેલાડીઓનો મજબૂત સમૂહ છે પરંતુ તેમાં મુખ્ય ભારતીય બેટ્સમેનનો અભાવ છે. બેથ મૂની સ્ટમ્પ પાછળ અને ટોચના ક્રમમાં રહેશે જ્યારે સોફી ડિવાઈન 2025 સીઝન ચૂકી ગયા બાદ WPLમાં પરત ફરશે. રેણુકા સિંહ ઠાકુરના નેતૃત્વમાં પેસ આક્રમણ ખૂબ જ સંતુલિત દેખાય છે, જેમને કિમ ગર્થ અને કાશ્વી ગૌતમનો સાથ મળશે.

સુડોકુ ૬૪૧૯ - 'કઠિન'

૫	૧		૪					
૪	૮		૨	૧	૬		૯	૭
				૯	૮		૪	
૧	૭			૫		૪	૩	
		૨				૯	૬	
૮					૨		૫	
		૧	૯	૮	૪			
૨	૪			૩	૭	૮		૯
૯	૬			૨	૫		૭	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૭	૬	૫	૯	૧	૮	૩	૪
૩	૧	૮	૭	૬	૪	૨	૯	૫
૫	૪	૯	૨	૩	૮	૬	૧	૭
૧	૫	૩	૨	૭	૬	૯	૪	૮
૭	૬	૪	૩	૧	૯	૫	૨	૧
૮	૯	૨	૪	૫	૧	૩	૭	૬
૬	૨	૭	૧	૪	૩	૮	૫	૯
૯	૮	૫	૬	૨	૭	૧	૩	૪
૪	૩	૧	૯	૮	૫	૭	૬	૨

૩૧૨૬-૩૬૬૭ ફ્રીડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

અપચો

સૂંઠ, મરી, લીંડી પેપર, વાવડીંગ, સિંધવ, કુદીનો, અને હિંગ સમાન ભાગ લઈ વાટી ચૂર્ણ કરવું. એક ચમચી પાણી સાથે લેવું.

શબ્દગુંફન - ૭૧૪૨

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. મદદગાર, સહાયક (૫)
૪. ઘટ, ખોટ (૩)
૬. ખેલ (૩)
૭. આદર (૨)
૧૦. લીન (૨)
૧૧. ધૂળ (૨)
૧૨. ચાલવાનો અવાજ (૪)
૧૪. રેતીનું મેદાન (૨)
૧૫. અવાજ(૨)
૧૬. મક્કાની જાત્રા (૨)
૧૭. પાણી (૨)
૧૮. દેખાતું બંધ થવું તે (૨)
૧૯. ઉપાધિ, દરજ્જો (૨)
૨૧. અન્ય, બીજું (૨)
૨૩. દુનિયા (૨)
૨૪. વૃદ્ધ (૩)
૨૫. વગાડવું તે (૩)
૨૬. ફૂલમાંની રજ (૩)
૨૭. મૃત્યુના દેવ (૨)
૨૮. પવન (૩)
૨૯. પવિત્ર સ્થળ (૨)
૩૦. વિજય (૨)
૩૧. નવલું (૩)
૨૧. થોડા વાળની સેર (૨)

ઊભી ચાવી
૧. મોટું (૨)
૨. કૃપા (૨)
૩. હોડ, બોલી (૩)
૪. કાગળના ટુકડા (૪)
૫. સુંદર સ્ત્રી (૨)
૮. રોકડું (૩)
૯. નસ (૨)
૧૦. અવાજ (૨)
૧૨. મરણ પામેલું (૬)
૧૩. કિંમતી પથ્થર (૨)
૧૪. સહેજ (૨)
૧૫. સારાપણું (૩)
૧૬. સીમા, મર્યાદા (૨)
૧૯. ચાલવાનો અવયવ (૨)
૨૦. રસ્તો (૩)
૨૨. પ્રથા (૩)
૨૩. લોકમત (૪)
૨૪. થોડુંક (૨)
૨૬. પડતી (૩)
૨૭. જોડકું (૩)



૨૯૧૭ - ૧૬૬૧ મ્ફ્ર્ટિઝાઇ

આજનું પંચાંગ

તા. 10/01/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** પૌષ
તિથિ: વદ: સાતમ : 08:24 પછી કાલાષ્ટમી
રાષ્ટ્રિય દિનાંક : પૌષ : 20 **અયન :** ઉત્તરાયન
ઋતુ : શિશિર **નક્ષત્ર :** હસ્ત : 15:40
યોગ : અતિગંડ **કરણ:** બાવલ
રાશિ: કન્યા (પ,ઠ,ણ) 28:54 પછી તુલા (ર.ત.)
દિવસ : સામાન્ય -શ્રી રામાનંદાચાર્ય જયંતી
સુરતમાં સૂર્યોદય : 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:19 **નવકારસી:** 08:07
પારસી વર્ષ : 1395, અમરદાદ માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ : 1447, રજ્જબ માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે : 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): જૂનાં દર્દો પરેશાન કરશે. હરીફોથી નુકસાન થઇ શકે છે. સ્વભાવ ઉગ્ર અને સ્વતંત્ર રહેશે.
વૃષભ (બ,વ,ઉ,): નવા મિત્રો અને સંબંધીઓ સાથે વ્યવહારમાં સાવધાન રહેવું. અચાનક કોઇ તક મળી શકે છે.
મિથુન (ક,છ,ઘ,): બહારના કામનો બોજ વધશે. સામાજિક પ્રસંગમાં હાજર રહેવાનું અને નવા લોકોને મળવાનું બને.
કર્ક (ડ,હ,): હાથ પરનાં કામ પાર પડશે. નવી નોકરીની શક્યતા વધશે. અડોશપડોશ સાતે વિવાદ ટાળવો.
સિંહ (મ,ટ,): ખાણી-પીણી અને મોજ-શોખ તથા માર્કેટીંગનાં વ્યવસાય ધંધામાં અચાનક સફળતા મળે.
કન્યા (પ,ઠ,ણ,): ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. નવાં વેપાર-ધંધા માટે નવી દિશાથી ઉત્સાહ વધશે.
તુલા (ર,ત,): બીન જરૂરી ખર્ચા વધશે. સમાજ સેવાનાં કામમાં યશ મળે. ધાર્મિક પ્રવાસ થાય.
વૃશ્ચિક (ન,ય,): ઉચ્ચકક્ષાના મિત્રો, ભાઈ-બહેન વગેરેનો સાથ મળે. સંતાનો માટેની કોઇ યોજનામાં પ્રગતિ થાય.
ધન (ભ,ધ,ફ,ઢ,): અચાનક નવી તક મળે. જાહેર જીવનમાં સાવધાની રાખવી. સંપતિ-મકાન બાબતે પ્રગતિ થાય.
મકર (ખ,જ,): ઉચ્ચ શિક્ષણ લેખન, કાયદા -કાનૂન, વિદેશમાં વિદ્યાભ્યાસ અને ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં લાભ.
કુંભ (ગ,સ,શ,ષ,): આરોગ્ય માટે સાવધાની રાખવી. આંખની કાળજી લેવી. પડવા-વાગવાથી સાવધાન રહેવું.
મીન (દ,ચ,ઝ,થ,): ભાગીદારોની મિટીંગ હકારાત્મક રહે. નોકરીમાં સહકાર મળે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 10 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ જનક પસાર થશે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. સમાજ-પરિવારમાં પ્રભાવ વધે. સંતાનોનાં અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થા. પ્રેમ વિવાહમાં મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાતી નવા રોકાણ થાય. નવા ઘર, વાહન, મકાનની યોનજા પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશના કામ ઘીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીનના કામ થાય. વર્ષ દરમિયાન જુલાઈ-ઓગસ્ટ-રવિ, સોમવાર અને 1,10,28 તારીકે નવા કામની શરૂઆત કરી શકાય. નવેમ્બર - ડિસેમ્બર, શનિ-શુક્રવાર, 07, 16,25 તારીખ ટાળવી સોનેરી, ભૂરો કથ્થઇ રંગ વાપરતાં રહેવું. શ્યામ વર્ષનો રંગ ટાળવો. મિત્રો-વડીલોની મદદ વધારાની આવક માટેની યોજનામાં મળે. મૂળ આંક 1, 4, 9 સાથે સારુ રહે. મૂળ આંક 6-7 થી સાવધાન રહેવું યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળશે.

અનુસંધાન ... પાના પહેલાનું

વડાપ્રધાન નરેન્દ્ર...

છે. જે બાદ એજ દિવસે તેઓ સાંજે અમદાવાદ આવશે અને 12 તારીખે જર્મનીના વાઇસ ચાલ્સેલર સાથે સાબરમતી આશ્રમની મુલાકાત પણ કરવાના છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 12 જાન્યુઆરીએ સવારે સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લેવાના છે. જે દરમિયાન ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અને આંટી અર્પણ કરી હૃદયકુંજની મુલાકાત લેશે. સાબરમતી આશ્રમમાં અંદાજે 20 મિનિટ સુધી મુલાકાત કરવાના છે. તેમજ રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પણ હાજરી આપવાના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ખુલ્લો મુકાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ પહેલીવાર ભારતની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. પોતાના બે દિવસીય પ્રવાસ દરમિયાન ફ્રેડરિક મર્ઝ અમદાવાદમાં પીએમ મોદી સાથે મહત્વની બેઠક કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 12 જાન્યુઆરીએ અમદાવાદમાં ચાન્સેલર મર્ઝ સાથે મુલાકાત કરશે.આ બેઠકમાં બંને નેતાઓ ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીના 25 વર્ષની પ્રગતિની સમીક્ષા કરશે. આ ચર્ચામાં વેપાર, રોકાણ, ટેકનોલોજી, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સંરક્ષણ, સુરક્ષા, વિજ્ઞાન અને હરિત વિકાસ જેવા મહત્વના ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે. બંને નેતાઓ માત્ર દ્વિપક્ષીય ચર્ચા જ નહીં, પરંતુ વેપાર અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે પણ વાતચીત કરશે. આ મુલાકાત દરમિયાન પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર આ મુલાકાત ભારત અને જર્મની વચ્ચેના મજબૂત સંબંધો અને ભવિષ્ય માટેની દૂરદર્શી ભાગીદારીના વિઝનને વધુ મજબૂત કરવાની એક અમૂલ્ય તક પૂરી પાડશે.

સોમનાથ સ્વાભિમાન પર્વ: 1,000 વર્ષના સંઘર્ષની સ્મૃતિ (10-11 જાન્યુઆરી)

આ વર્ષ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' તરીકે ઉજવાઈ રહ્યું છે, જેનું મુખ્ય આકર્ષણ પીએમ મોદીની હાજરી રહેશે:
ઐતિહાસિક સંદર્ભ: વર્ષ 1026માં મહમૂદ ગઝનવીના આક્રમણના 1,000 વર્ષ અને 1951માં મંદિરના પુન:નિર્માણના 75 વર્ષ નિમિત્તે આ પર્વ ઉજવાઈ રહ્યું છે.
ડ્રોન શો અને ઓમકાર મંત્ર: 10મી જાન્યુઆરીએ રાત્રે 8 વાગ્યે પીએમ મોદી મંદિરમાં ઓમકાર મંત્રના જાપ અને ભવ્ય ડ્રોન શો નિહાળશે.
શૌર્ય યાત્રા: 11મી જાન્યુઆરીએ સવારે 9:45 કલાકે સોમનાથની રક્ષા કાજે બલિદાન આપનારા વીરોની યાદમાં 108 અશ્વો સાથેની 'શૌર્ય યાત્રા' યોજાશે, જેમાં પીએમ મોદી સહભાગી થશે.

અમેરિકી ડોનાલ્ડ...

નિવેદનથી નાટો (NATO) અને યુકેના કીર સ્ટાર્મરથી લઈને ફ્રાન્સના ઈમેન્યુઅલ મેક્રોન જેવા વિશ્વના નેતાઓ રોષે ભરાયા છે. ઈન્ટરવ્યુ દરમિયાન જ ટ્રમ્પે કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોનો ફોન લેવા માટે વાતચીત અટકાવી હતી. પેટ્રોએ ઉચ્ચાર્યું છે કે જો ટ્રમ્પ તેમની પાછળ પડશે તો તેઓ 'શસ્ત્રો ઉપાડશે'. ટ્રમ્પ અને તેમના સહયોગીઓ તેમની ચૂંટણી ઝુંબેશ સમયથી જ મેક્સિકોમાં કાર્ટેલ્સ પર આક્રમણ અથવા હુમલો કરવાનો વિચાર કરી રહ્યા હતા. ટ્રમ્પે મધ્ય અમેરિકન ડ્રગ સ્મગલરો પર દર વર્ષે 2.50 લાખથી 3 લાખ અમેરિકનોની હત્યા કરવાનો આરોપ લગાવ્યો છે, જેના માટે તેમણે કાર્ટેલ્સના પ્રભાવ અને ફિન્ટેનિલની હેરાફેરીને જવાબદાર ઠેરવી છે. મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે પુષ્ટિ કરી છે કે ટ્રમ્પ સાથેની વાતચીતમાં મેક્સિકોમાં અમેરિકી સૈન્ય હસ્તક્ષેપનો મુદ્દો વારંવાર ઉઠાવવામાં આવ્યો છે, પરંતુ તેમણે હંમેશા આ પ્રસ્તાવને ફગાવી દીધો છે.

અમેરિકાના '500%...

ઉર્જા જરૂરિયાતોને પૂરી કરવા માટે કરવામાં આવે છે. જયસ્વાલે કહ્યું, ઉર્જા સ્ત્રોતોના વ્યાપક પ્રશ્ન પર અમારું વલણ જાણીતું છે. આ પ્રયાસમાં, અમે વૈશ્વિક બજારની બદલાતી ગતિશીલતા અને અમારા 1.4 અબજ લોકોની ઉર્જા સુરક્ષા જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ સ્ત્રોતોમાંથી સસ્તું ઈંધણ મેળવવાની અનિવાર્યતા દ્વારા માર્ગદર્શન મેળવીએ છીએ. બુધવારે